# આજે પવિત્ર મહાઅષ્ટમી...

**અગ્નિસ્વરૂપ શકિત માટે મહાયજ્ઞ - મહાઆરતીથી નગર તેજોમય બનશે : આ દિવસે રાક્ષસોનો વધ કરવા માટે મહાલક્ષ્મીનુ પ્રાગ્ટય થયુ હતુ : અગ્નિ સ્વરૂપા માતાજીને યજ્ઞ વિશેષ પ્રિય : સેકટરોમાં ઠેર ઠેર મહાયત્ર અને મહાઆરતી સાથે ગરબાની રમઝટ જામશે**

ગાંધીનગર તા ૧૬

નવલા નવરાત પર્વની આજે મહાઅષ્ટમી ..પવિત્ર આઠમના દિવસે રાક્ષસનો વધ કરવા માટે મહાલક્ષ્મીનુ પ્રાગ્ટય થયુ હતુ. આજે માતાજીના આ સ્વરૂપને પુજવાનો દિવ્ય અવસર હોવાથી સેકટરોમાં આઠમના દિવસે માતાજીનો યજ્ઞ અને મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ છે. માતાજી અગ્નિ સ્વરૂપ છે. માતાજીને યજ્ઞ અત્યંત પ્રિય છે. માં નવદુર્ગાના આર્શીવાદ પ્રાપ્ત કરવા માટે સેકટરોમાં વિશેષ યજ્ઞ તેમજ મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આઠમના પર્વની ઉજવણીને અનુલક્ષી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે.

નવલા નવરાત પર્વમાં પવિત્ર આઠમનુ વિશેષ મહત્વ હોય છે.જયારે દુર્ગાષ્ટમીના દિવસ તરીકે ઓળખાતા આઠમના નોરતે રાક્ષસનો વધ કરવા માટે મહાલક્ષ્મીજીનુ પ્રાગ્ટય થયુ હતુ. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ આ અંગે જણાંવ્યુ હતુ કે નવરાતના નવ દિવસ દરમિયાન સાતમના દિવસે સરસ્વતીજીનુ પુજન થાય છે. જયારે આઠમના દિવસે મહાલક્ષ્મીનુ પુજન થાય છે. માતાજીને યજ્ઞ પ્રિય છે. શકિત અગ્નિસ્વરૂપ છે. સુર્યનો વાયુ પર મહાદેવનો પૃથ્વી પર જયારે વિષ્ણુનો આકાશ પર અને ગણપતિનો જળ પર તેમજ અગ્નિ પર શકિતનો અધિકાર છે. યજ્ઞમાં સ્વાહા શબ્દનો ઉચ્ચાર થાય છે. અગ્નિની પત્નિ રૂપે સ્વાહા બોલાય છે. નવરાત પર્વ એટલે બાર માસ દરમિયાન આધ્યાત્મિક શકિત વેડફી હોય તેનો પુન : સંચાર કરવાનો અવસર છે. જેમાં આઠમનો દિવસ અત્યંત પવિત્ર મનાય છે જયારે આઠમની પવિત્ર નવરાતને અનુલક્ષીને હવન તેમજ માતાજીની વિશેષ પુજા અર્ચના થાય છે. ગાંધીનગરમાં પણ શેરી ગરબા મહોત્સવ અંતર્ગત સેકટરોમાં મહાઅષ્ટમી નિમિત્તે

● અનુસંધાન પાન-૭ પર

# આજે કલ્ચરલ ફોરમમા ૨૫ હજાર દીવડાની મહાઆરતી યોજાશે

**ત્રણ વેબસાઈટ પરથી મહાઆરતીનું જીવંત પ્રસારણ કરાશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવ દરમિયાન આસો સુદ આઠમે યોજાતી મહા આરતી તા. ૧૭-ઓક્ટોબરને બુધવારે રાત્રે ૧૧.૩૦ કલાકે યોજાશે. આ વર્ષે અંદાજે ૨૫ હજાર જેટલા લોકો હાથમાં દીવડા લઈને મા આદ્યશક્તિની મહાઆરતી ઉતારશે. વિશાળ મેદાનમાં એકી સાથે ૨૫ હજાર જેટલા દીવડાના ઝગમગાટથી અલૌકિક વાતાવરણનું નિર્માણ થાય છે. અદ્ભૂત મહાઆરતીમાં સહભાગી થવાનો લ્હાવો લેવા માનવ મહેરામણ ઉમટે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ મહાઆરતી વિષે જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમની ૨૪ વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે પણ અભૂતપૂર્વ મહાઆરતીનું આયોજન કરાયું છે. ગાંધીનગર અને બહારગામથી આવતા હજારો

● અનુસંધાન પાન-૭ પર

# ઓરે કાન... કાળીયા કાન... તારે કેટ-કેટલા છે નામ... કીયા નામે તને ઓળખીયે....








# ગાંધીનગરની ધરતી પર સિંહનો પંજો પડશે : ગર્જના સંભળાશે

**ગીર ફાઉન્ડેશન સંચાલિત ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં જુનાગઢના સક્કરબાગમાંથી પ્રથમવાર એશિયાઇ સિંહ ગાંધીનગર લવાશે : નર માંદાની સિંહની જોડી નવરાત બાદ ગાંધીનગર આવશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરની ધરતી પર નવરાત બાદ સાવજનો પંજો પડશે. ગાંધીનગરમાં હવે સિંહની ગર્જનાઓ સંભળાશે. એશિયાઇ સિંહની સંખ્યામાં ઘટાડો થઇ રહ્યો છે. પરંતુ ગાંધીનગરમાં પ્રથમવાર એશિયાઇ સિંહનુ આગમન થશે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રથમવાર સિંહ જોવા મળશે. જુનાગઢ સક્કરબાગમાંથી સિંહની જોડી ગાંધીનગર લાવવામાં આવશે.

ગાંધીનગરમાં એક દાયકા પુર્વે એશિયન અને આફ્રિકન હાઈબ્રિડનો લીયો સિંહ હતો. જયારે હવે પ્રથમવાર એશિયાઇ સિંહ પાટનગરમાં આવશે. એશિયાઇ સિંહની સંખ્યામાં ઘટાડો થયો છે. જયારે ગાંધીનગરમાં અત્યાર સુધી એશિયાઇ સિંહનુ આગમન થયુ નથી. આવા સંજોગોમાં ગાંધીનગરની ધરતી પર પ્રથમવાર એશિયાઇ સિંહનો પંજો પડશે. નવરાત્રિ પર્વ બાદ ગાંધીનગરમાં સિંહની ગર્જના સંભળાશે. ગીરફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણી સંગ્રાહલયમાં પ્રથમવાર એશિયાઈસિંહનુ આગમન થઈ રહ્યુ છે. જયારે હાલમાં સિંહની જોડી સક્કર બાગ જુનાગઢ ખાતે છે. જયારે જુનાગઢ પ્રાણી સંગ્રાહલય પાર્કના ડોકટર

# ડાંગર માટે જિલ્લામાં બે ખરીદ કેન્દ્રો શરૂ કરાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ડાંગરના બે ખરીદ કેન્દ્રો દહેગામ અને કલોલ ખાતે શરૂ કરવાનો નિર્ણય નાગરિક પુરવઠા વિભાગે કર્યો છે.

જિલ્લામાં ખરીફ સિઝનમાં ૧૧ હજાર બસ્સો હેક્ટરથી વધુ વિસ્તારમાં ડાંગરના પાકનું વાવેતર થયું હતું. ગત વર્ષ જેટલુ ઉત્પાદન આ વર્ષે મળે તેવા અંદાજો છે. ૪૦ હજાર મે. ટન જેટલુ ઉત્પાદન થવાના અંદાજો છે.

જિલ્લામાં બે ખરીદ કેન્દ્રો આજથી શરૂ થયા છે. મળતી વિગતો પ્રમાણે ડાંગરના પાકની કાપણી શરૂ થઈ ચુકી છે. આજે પણ ડાંગરના બજારભાવ સરકારે નિયત કરેલ ૧૭૫૦ના ભાવ કરતાં વધુ મળતાં ટેકાના ભાવે ખરીદ થયેલ નથી.

ગાંધીનગર, કલોલ અને દહેગામ તાલુકામાં ડાંગરનું વાવેતર સારૂ એવુ થયુ હતુ. મળતી વિગતો પ્રમાણે વરસાદ ઓછો થયો છે અને ગરમીનું પ્રમાણ ઉત્પાદન પર કેટલીક વિપરીત અસરોની સંભાવના નિવારી શકાતી નથી.

# છત્રાલ સહિત રાજ્યના ૫૦ પંપ પર જીએસટીની કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના છત્રાલ ખાતે આવેલ સ્વસ્તિક સર્વિસ સ્ટેશન નામના પેટ્રોલ પંપ પર આજે સ્ટેટ જીએસટી વિભાગની ટીમ ત્રાટકી હતી. મળતી વિગતો પ્રમાણે રાજ્યના કુલ ૫૦ પેટ્રોલ પંપ ઉપર રાજ્ય વ્યાપી સ્થળ તપાસની કામગીરી કરવામાં આવેલ છે. ભરવાપાત્ર વેટ ભરવામાં ન આવતો હોવાની શક્યતાના પગલે સ્ટેટ જીએસટી વિભાગે આ કાર્યવાહી હાથ ધરેલ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર સ્થળ તપાસમાં ધ્યાને આવેલ છે કે ૫૦ પંપ પૈકીના કેટલાક વેપારીઓના વેટ નોંધણી નંબરો રદ થયેલ હોવા છતાં વેપારીઓ ધંધો કરે છે અને વેરો ભરતા નથી. મળતી વિગતો પ્રમાણે ૫૦ પેટ્રોલ પંપ પૈકી ૧૫ પેટ્રોલ પંપના નોંધણી નંબરો રદ કરાયેલા હોવાનું ધ્યાને આવેલ છે. ચકાસણીમાં કુલ રૂ. ૩૩.૬૫ કરોડની વસુલાત કરવાની થાય છે.

## ખેડબ્રહ્મા નગરપાલિકા

## O.D.F. જાહેર વાંધા હરકતની સુચના

**જિલ્લો : સાબરકાંઠા**

આથી ખેડબ્રહ્મા વિસ્તારની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અન્વયે ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તાર માટે શૌચાલય વિહોણા કુટુંબોની સંખ્યા ૧૩૨૪ જાહેર થયેલ તથા સરકારશ્રી દ્વારા આ પછીના વર્ષ માટે વ્યક્તિગત શૌચાલયનો લક્ષ્યાંક ૧૩૦૧ ફાળવતા જે લક્ષ્યાંકની કામગીરી પૂર્ણ થતા ખેડબ્રહ્મા નગરપાલિકાને O.D.F. જાહેર કરેલ જેથી શહેરીજનોને આ અંગે કોઈ વાંધા જણાતા હોય તો તેઓશ્રીઓએ દિન-૧૫માં ખેડબ્રહ્મા નગરપાલિકામાં રૂબરૂ આવી આ અંગેની કાર્યવાહી કરી લેવી જે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

| એચ.એ. લોઢાવાલા | એ.આર. ઠક્કર | ઝલકબેન એમ. પટેલ |
|---|---|---|
| ચીફ ઓફીસર | ઉપપ્રમુખ | પ્રમુખ |


શ્રધ્ધાંજલિ



વિનોદભાઈ મોતીભાઈ પરમાર
(નિધિ પેટ્રોલિયમ, કોબા સર્કલ ગાંધીનગર)
સ્વ. તા. ૧૪-૧૦-૨૦૧૮

અરમાન બધા સાથે ઉજવણીના
અચાનક જ તુટી ગયા,
શ્રધ્ધાંજલિ અર્પવા મિત્રને સંઘળા
શબ્દો ખૂટી ગયા,

અમારા સ્મૃતિપટલ પર ચિરંજીવ રહેનાર મિત્રને
સ્નેહભરી શ્રધ્ધાંજલિ

એચ.ડી. શ્રીમાળી
અધિક કમિશ્નર ઉદ્યોગ, ગાંધીનગર
સુરેશભાઈ એચ.પરમાર
સર્વોદય ગેસ પાટણ (ગાંધીનગર)
મનોજ એમ.મેઉવા
ડીવાઈન વાસ્તુ, ગાંધીનગર
દિનેશભાઈ એલ.પરમાર (જીએએસ)
અધિક કલેક્ટર અને નિયામકશ્રી, ડીઆઈએ-પાટણ
અમૃતભાઈ આર પટેલ (જીએએસ)
નાયબ કલેક્ટર અને DSO,ખેડા-ગાંધીનગર
એમ કે.પરમાર
ચીફ એન્જીનીયર, (ONGC) ચાંદખેડા
મહેશભાઈ સી.બેન્કર
આર્શીવાદ ગેસ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com